તાંત્રિક અધિકારીશ્રીઓને સત્તા સોંપણી બાબત..
(વહીવટી મંજુરી)

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ પીડીડબલ્યુ/ ૧૦૨૦૦૭ /૧(ભાગ-૧ )સ
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨/૭/૨૦૧૧

સંદર્ભઃ ટી.એન.સી/૨૦૭૪/(૧૭૬)/સી તા.૩૦-૧૦-૮૦
પીડીડબલ્યુ-૩૦૭૯-ડી-૨૯૫૯/ભા.૧(૧૩૬)સ.તા. ૨-૧-૮૭
પીડીડબલ્યુ-૩૦૭૯-ડી-૨૯૫૯/ભા.૧(૧૩૬)સ.તા. ૨૦-૧૧-૮૭
પીડીડબલ્યુ-૩૦૭૯-ડી-૧૦૮૯/(૨)/સ.તા. ૧૭-૫-૮૯
પીડીડબલ્યુ-૩૦૭૯-ડી-૧૦૮૯/(૩)/સ.તા. ૨-૮-૮૯
પીડીડબલ્યુ-૩૦૭૯-ડી-૨૯૫૯/ભા.૧(૧૩૬)સ.તા. ૮-૧૨-૯૪
પીડીડબલ્યુ-૩૦૭૯-ડી-૨૯૫૯/ભા.૧(૧૩૬)સ.તા. ૯-૩-૯૫
પીડીડબલ્યુ-૩૦૭૯-ડી-૨૯૫૯/ભા.૧(૧૩૬)સ.તા. ૧૭-૪-૦૨

<u>પ્રસ્તાવનાઃ-</u>

ગુજરાત રાજયમાં ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ હેઠળ મા.મ.વિભાગ તરફથી તાંત્રિક અધિકારીશ્રીઓને સોંપવામાં આવેલ સત્તાઓ ઉપર દર્શાવેલ જુદા જુદા ઠરાવો ધ્વારા નકકી કરવામાં આવેલ છે. આ સત્તા સોંપણી બાદ બજારમાં માલ-સામાન, મજૂરી, અને પરિવહનમાં ભાવોમાં સારો એવો વધારો થયેલ છે, આથી ક્ષેત્રિય અધિકારીઓને અવાર-નવાર વર્તુળ કચેરી તથા સરકારશ્રીમાં જવાનુ થાય છે. તેના હિસાબે સ્થાનિક કચેરીને કામના ભારણમાં વધારો થાય છે ઉપલી કચેરીમાં વધારે જવાના પ્રસંગો ન બને તે માટે તેઓને સોંપાયેલ સત્તામાં વધારો કરવા માટે માનનીય મુખ્ય સચિવશ્રીએ સૂચન કરેલ છે.જેને અનુલક્ષીને વિવિધ કક્ષાના તાંત્રિક અધિકારીઓની સપ્રમાણ કામગીરી રહે તે હેતુસર અને યોગ્ય પ્રમાણમાં તાંત્રિક / નાણાંકીય સત્તાઓ તેઓને મળે તે બાબત લક્ષમાં લઈ પ્રવર્તમાન સત્તાઓમાં સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની સધન વિચારણામાં હતી.

ઃ ઠ રા વ ઃ

પુખ્ત વિચારણાને અંતે માર્ગ અને મકાન વિભાગના સરકાર ઠરાવ ક્રમાંકઃ પીડીડબલ્યુ-૩૦૭૯-ડી-૨૯૫૯/ભા.૧(૧૩૬) સ.તા.૧૭-૪-૦૨ સાથે બીડેલ પત્રક ના ક્રમ નંબર ૮.૧, ૮.૨, ૮.૩, ૮.૪ મુજબની વિગતવાર સત્તા સુધારો કરી જેતે તાંત્રિક અધિકારીના હોદ્દા સાથે દર્શાવેલ વહીવટી મંજુરી સુધારવાનુ આથી ઠરાવવામાં આવે છે. આ ફેરફાર સિવાય તા. ૧૭-૪-૦૨ની અન્ય જોગવાઈઓ તથા ત્યારબાદની જોગવાઈઓ યથાવત રહે છે .

આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે. આ ઠરાવ અ.મુ.સ શ્રી (નાણાં), નાણા વિભાગની તથા જળ સંપતિ વિભાગની અનુક્રમે તા.૨૫-૪-૨૦૧૧. તથા તા.૨૪-૫-૨૦૧૧ પીડીડબલ્યુ/૧૦૨૦૦૭/૧/ભાગ-૧/સ ની નોંધથી સરખા ક્રમાંકની ફાઈલ ઉપર મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

બીડાણઃ- પત્રક

કે. એમ. ઘોળકીયા
(કે.એમ.ઘોળકીયા)
ઉપ સચિવ
માર્ગ અને મકાન વિભાગ.

પ્રતિ,
૧.મા. મંત્રીશ્રી(મા.મ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. મા.રા.ક. મંત્રીશ્રી(મા.મ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩.માં. મંત્રીશ્રી(ન.જ.અને પા.પુ.અને કલ્પસર વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪.નર્મદા અને જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫.આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬.પંચાયત , ગ્રામ ગૃહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
૭.શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮.એકાઉન્ટન્ટ જનરલ, ઓડીટ-૧,ઓડીટભવન,નવરંગપુરા.અમદાવાદ-૯
૯.એકાઉન્ટન્ટ જનરલ, ઓડીટ-૨,રેસકોર્સ, રાજકોટ
૧૦. એકાઉન્ટન્ટ જનરલ (એ એન્ડ ઈ) રેસકોર્સ, રાજકોટ
૧૧. ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ, (એ એન્ડ ઈ),પાંચમો માળ ઓડીટભવન,નવરંગપુરા,અમદાવાદ-૯
૧૨.સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
૧૩.સર્વે અ.ઈ.શ્રીઓ/મા.મ.વ/પંચાયત મામ. વર્તુળ,/રા.ધો મા.મ.વર્તુળ/રા.મા.યોજના વર્તુળ/પા.યોજના વર્તુળ/એ.વે.વર્તુળ/વિદ્યુત વર્તુળ સહિત.
૧૪ સર્વે કા.ઈ.શ્રીઓ ઉપરોકત વર્તુળ હેઠળના સર્વે વિભાગ.
૧૫.નિયામકશ્રી, ગેરી વડોદરા,.
૧૬.મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુ.રા.મા.વિકાસ નિગમ લી. ગાંધીનગર.
૧૭. મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ સે.૧૦ ગાંધીનગર.
૧૮. નિયામકશ્રી, ઉપવન બગીચા, ગાંધીનગર.
૧૯. નાણાંકીય સલાહકારશ્રી, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨૦. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ(ના.કા.ઈ.શ્રીઓ સહિત) મા.મ.વિ, સચિવાલય, ગાંધીનગર.
૨૧. સર્વે પ્રોજેકટ શાખાઓ, મા.મ.વિ., સચિવાલય, ગાંધીનગર.
૨૨. સીલેકટ ફાઈલ-૨૦૧૧

માર્ગ અને મકાન વિભાગના તા. ૭/૭/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ પીડીડબલ્યુ/૩૦૭૯/ડી/૨૯૫૯/ભાગ-૧/૧૩૬/સી સાથેનું બિડાણ.

વહીવટી મંજુરી અંગે તાંત્રિક અધિકારીશ્રીઓને સત્તા સોંપણી બાબત

## માર્ગ અને મકાન વિભાગ માટે વહિવટી મંજુરીની સત્તા

| ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ હેઠળની સતાઓ નંબર | ફકરા રપશતા નિયમોનો નંબર | સતાનો પ્રકાર | જેમને સતા સોંપવામાં આવી હોય તે સતાધિકારી | સોંપેલ સત્તાનો વ્યાપ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૮.૧ | | રાજય મુલ્કી બાંધકામ અંગે વહીવટી મંજુરી આપવાની સતા (રહેણાકના મકાનો / બિન રહેણાંક / વહીવટી મકાનો, માર્ગ અને પુલો, સિંચાઈ, પાણી પુરવઠા અને અન્ય મુલ્કી બાધકામો સંબંધિત આંતરિક વીજળી ઈન્સ્ટોલેશન સહિત પરંતુ એરકન્ડીશનીંગ, લીફટ અને કુલર સિવાય | મુખ્ય ઈજનેર | રૂા.૧,૦૦,૦૦,૦૦૦ સુધી | નોંધ ૮.૧.૧.(૧),૮.૧.૧.(૨),૮.૧.૧.(3), ૮.૧.૧.(૪) અને ૮.૧.૧.(૫) મુજબ |
| | | | અધીક્ષક ઈજનેર (સી) | રૂા.૨૦,૦૦,૦૦૦ સુધી | |
| | | | અધીક્ષક ઈજનેર (ઈલે/મીકે) | રૂા.૧૫,૦૦,૦૦૦ સુધી | |
| ૮.૪ | | એરકન્ડીશનીંગ, લીફટ અને કુલરના કામોને વહીવટી મંજુરી | સચિવશ્રી | સંપુર્ણ સતા | |
| | | | મુખ્ય ઈજનેર | રૂા.૨૫,૦૦,૦૦૦ સુધી | |
| | | | અધીક્ષક ઈજનેર (સી) | રૂા.૫,૦૦,૦૦૦ સુધી | |
| | | | અધીક્ષક ઈજનેર (ઈલે/મીકે) | રૂા.૧૦,૦૦,૦૦૦ સુધી | |

# જળ સંપતિ વિભાગ માટે વહીવટી મંજુરીની સત્તા

| ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ હેઠળની સતાઓ નંબર | ફકરા અથવા નિયમોનો નંબર | સતાનો પ્રકાર | જેમને સતા સોંપવામાં આવી હોય તે સતાધિકારી | સોંપેલ સત્તાનો વ્યાપ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૮.૧ | | રાજય મુલ્કી બાંધકામ અંગે વહીવટી મંજુરી આપવાની સતા | મુખ્ય ઈજનેર | રૂા.૨૦,૦૦,૦૦૦ સુધી | |
| | | (૧) રહેણાકના મકાનો | અધીક્ષક ઈજનેર | રૂા.૫,૦૦,૦૦૦ સુધી | |
| ૮.૨ | | રાજય મુલ્કી બાંધકામ અંગે વહીવટી મંજુરી આપવાની સતા | મુખ્ય ઈજનેર | રૂા.૩૦,૦૦,૦૦૦ સુધી | |
| | | (૨) મકાનો સિવાય અન્ય સીવીલ કામો માર્ગ, પાણી | અધીક્ષક ઈજનેર | રૂા.૧૫,૦૦,૦૦૦ સુધી | |
| | | પુરવઠા, સિંચાઈ | કાર્યપાલક ઈજનેર | રૂા.૫,૦૦,૦૦૦ સુધી | |
| ૮.૩ | | રાજય મુલ્કી બાંધકામ અંગે વહીવટી મંજુરી આપવાની સતા | મુખ્ય ઈજનેર | રૂા.૩૦,૦૦,૦૦૦ સુધી | |
| | | (૩) બીન રહેણાંકના મકાનો (રહેણાંકના મકાનો | અધીક્ષક ઈજનેર | રૂા.૧૫,૦૦,૦૦૦ સુધી | |
| | | તથા સરકારી ગૃહો સિવાયના મુલ્કી બાંધકામ) | કાર્યપાલક ઈજનેર | રૂા.૫,૦૦,૦૦૦ સુધી | |
| ૮.૪ | | વીજળી ગોઠવણના કામ (એરકન્ડીશનીંગ, લીફટ | મુખ્ય ઈજનેર | રૂા.૧૫,૦૦,૦૦૦ સુધી | |
| | | અને કુલર સિવાયના કામ માટે) | અધીક્ષક ઈજનેર(સી) | રૂા.૧,૦૦,૦૦૦ સુધી | |
| | | | અધીક્ષક ઈજનેર (વિધુત) | રૂા.૫,૦૦,૦૦૦ સુધી | |
| | | | કાર્યપાલક ઈજનેર (સી) | રૂા.૩૦,૦૦૦ સુધી | |
| | | | કાર્યપાલક ઈજનેર (વિધુત) | રૂા.૩,૦૦,૦૦૦ સુધી | |

| | |
|---|---|
| ૮.૧.૧(૧) | રહેણાંકના મકાનોને વહીવટી મંજુરી આપવાની સતાનો એ શરતે ઉપયોગ થઈ શકશે કે દરખાસ્ત અંદાજો સરકારે માન્ય કરેલ ટાઈપ પ્લાન અને સવલતનાં માન્ય ધોરણો મુજબના હોવા જોઈએ. |
| ૮.૧.૧(૨) | બજેટમાં જે તે કામની અલગ અંદાજી કિંમત દર્શાવી ન હોય પરંતુ અમુક હેતુ / યોજના માટે ઉચ્ચક રકમની જોગવાઈ કરી અંદાજી રકમ દર્શાવી હોય તો આવી ઉચ્ચક રકમની કુલ જોગવાઈ મુખ્ય ઈજનેર કે એક સતાધિકારીના હવાલે મુકવી અને ઉચ્ચક જોગવાઈ સામે મંજુર કરવાના કામોની વહીવટી મંજુરી આવા મુખ્ય ઈજનેર કે અધિકૃત સતાધિકારી જ આપી શકશે. તાબાના અધિકારીઓએ યથાપ્રસંગ આવી વહીવટી મંજુરીની દરખાસ્તો સંબંધિત મુખ્ય ઈજનેરશ્રીને કે અધિકૃત સતાધિકારીને પેરયુજલ માટે મોકલવાની રહેશે અને પેરયુજલ અનુમતિ મળ્યા બાદ સતા સોંપણીની રકમ અનુસાર તાબાના અધિકારીઓ વહીવટી મંજુરીઓ આપી શકશે. |
| ૮.૧.૧(૩) | વહીવટી મંજુરી આપવાની સતાને મહેકમ તથા ઓજારો અને પ્લાન્ટ અંગેના ખર્ચનો તેમાં સમાવેશ થતો ન હોઈ તેવી ગણવી. |
| ૮.૧.૧(૪) | મીરણસરના ભોયતળીયા ક્ષેત્રફળ અથવા પ્લાન ક્ષેત્રફળ તથા મકાનોના બાંધકામ માટે સરકારે કરેલ હોય ત્યાં નિયત ધોરણો લક્ષમાં રાખીને આ સતાનો ઉપયોગ કરવાનો રહેશે. એ ધોરણમાં કોઈ ફેરફાર કરવો જરૂરી હોય તો સરકારની પુર્વ મંજુરી મેળવવાની રહેશે. |
| ૮.૧.૧(૫) | સમગ્ર કામના અંદાજી ખર્ચની એકંદરે રકમ અંશતઃ વહીવટી મંજુરી માટેની રકમ સમગ્ર વહીવટી અને તાંત્રિક મંજુરી (ઓટીએસ) ની રકમની અંદર હોય તો વહીવટી મંજુરી આપી શકાશે. |
| ૮.૪.૧ | સરકારે નકકી કરેલ એરકન્ડીશન અને કુલરના માન્ય માપદંડ મુજબની દરખાસ્તોને જ આ સતા હેઠળ વહીવટી મંજુરી આપી શકાશે. લીફટની જોગવાઈ સામાન્ય રીતે ત્રણથી વધુ માળના મકાનોમાં તથા હોસ્પિટલોમાં કરવાની દરખાસ્તો બજેટ જોગવાઈ આધીન મંજુર કરી શકાશે. |